RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૧૦ | અંક: ૩ | સપ્ટેમ્બર - ૨૦૨૪ | કિંમત: ૧૦/-



# માનવમાંથી મહામાનવ બનવાની ક્રિયા
## સાધકમાંથી સિદ્ધ બનાવી દેનાર
## અતિશક્તિશાળી પ્રચંડ અને દુર્લભ શક્તિપાત એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ
**ભાગ-૧, ભાગ-૨**

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્ર: 9429208997**



॥ ૐ નમઃ ॥

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ

**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)



૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯



**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

સપ્ટેમ્બર -૨૦૨૪ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૩
કિંમતરૂ.: ૧૦/-


# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આજના આ કળિયુગમાં મનુષ્ય વિવિધ પ્રશ્નોથી ઘેરાયેલો છે. દરેક મનુષ્ય પોતાના પ્રશ્નના ઉકેલ માટે વિવિધ રસ્તાઓ અપનાવે છે પરંતુ ક્યાંક ને ક્યાંક એને પૂર્ણ સફળતા મળતી નથી. વચનો, પ્રવચનો સાંભળીને માણસને અંતે તો પોતાની સમસ્યાઓના સમાધાનની જ ખોજ હોય છે અને એ મળતું નથી ત્યારે માણસની શ્રદ્ધા અને વિશ્વાસ ઉઠી જાય છે.

આવા સમયે આ કળિયુગને અનુલક્ષીને ગુરુજીએ રચેલ ચાલીસાઓ, મંત્ર અને મંત્રશક્તિપાત જ એક એવું અમોઘ શસ્ત્ર છે જેનાથી મનુષ્ય પોતાના જીવનના લૌકિક પ્રશ્નોના સમાધાન મેળવી શકે છે તેમજ સાથે-સાથે આધ્યાત્મિક દિશામાં પણ પ્રગતિ કરી શકે છે. આવું લોકકલ્યાણનું કાર્ય તો જેની પાસે દિવ્ય દૃષ્ટિ હોય એ જ કરી શકે. છેલ્લે હું માત્ર એટલું જ કહીશ કે ગુરુજી “God of Mantras” છે. એમની પાસે મંત્રનું ખૂબ જ ઊંડું જ્ઞાન છે. જે જ્ઞાન થકી આજે એ મનુષ્યના જીવનના તમામ પ્રશ્નોના સમાધાન કરી રહ્યા છે.

આ સાથે અહીંયા હું ગુરૂજી રચિત એક ગરબાગીત પ્રસ્તુત કરી રહ્યો છું.

## ‘રાધા દીવાની’

તારી છું દીવાની કાના, મળું તને છાના માના,
યમુનાને કાંઠે કાના, યમુનાને કાંઠે કાના રે...
મારી સંગ રાસે રમે, કાના તું તો દિલને ગમે,
મિસરીને માખણ જમે, મન મારું તુજમાં ભમે ;
યમુનાને કાંઠે કાના, યમુનાને કાંઠે કાના રે...
યાદમાં આંખો જાગે, વેણુ મને વ્હાલી લાગે,
ઝૂલે તું કદંબ ડાળે, બેઠો બેઠો નેણ ઉલાળે ;
યમુનાને કાંઠે કાના, યમુનાને કાંઠે કાના રે...
હું તો તારી ઘેલી રાધા, લીધી તારા પ્રેમની બાધા,
પાકી હું પ્રેયસી તારી, નામ તારી જિંદગી મારી ;
યમુનાને કાંઠે કાના, યમુનાને કાંઠે કાના રે...

ૐકાર સંપ્રદાયની છત્રછાયા તેમજ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ અને તેમના આપેલા મંત્રોના સ્મરણથી આપનું જીવન સરળ અને ઉત્તમ રહે એવી ગુરુજીની ચરણોમાં પ્રાર્થના સાથે અહીં મારા વક્તવ્યને વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

"ૐકાર નમો નમઃ, પ્રણવબ્રહ્માય નમો નમઃ
નાદબ્રહ્માય નમો નમઃ, સૃષ્ટિકર્તા ૐકાર"



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ
ૐઋષિ સ્વામી દ્વારા સર્જિત તેમજ તેમની પાવનનિશ્રામાં યોજનાર

# ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાપૂજન

આપ સૌની આભામાં આકસ્મિક ધનલાભ માટે કુદરતે સુત્રામઊર્જા આપેલી છે. આ ઊર્જા સક્રિય કરી આપ આકસ્મિક ધનલાભ પ્રાપ્ત કરી શકો તે માટે આ મહાપૂજન કરાવવામાં આવશે.

આપ સૌ ભક્તજનોએ આ અમૂલ્ય અવસરનો લાભ લઇ આકસ્મિક ધનલાભની પ્રાપ્તિની દિશામાં આગળ વધવાનો લાભ અવશ્ય લેવો.

શુભ તારીખ : ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ - રવિવાર
શુભ સમય : બપોરે ૩ થી ૫ કલાક સુધી
શુભ સ્થળ : અન્નપૂર્ણા હોલ, આંગી ફ્લેટની સામે,
ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

મહાપૂજનમાં બેસનાર ભક્તજનો માટે મહાપ્રસાદ (ભોજન)ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**સંપર્ક સૂત્રઃ 9429208997**




# નવરાત્રિના પાવન અવસરે માતા નવદુર્ગાની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધના

સૌપ્રથમ એક લાકડાનો બાજઠ અથવા પાટલો લેવો. તેના પર લાલ કલરનું વસ્ત્ર પાથરવું. તેના ઉપર નીચે આપેલ ૐ શ્રી નવદુર્ગાદેવી ઊર્જા ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે સ્થાપનમાં વસ્ત્ર ઉપર ૫ (પાંચ) આખી સોપારી, એક મુઠ્ઠી ઘઉંની ઢગલી અને કંકુની એક ઢગલી કરવી. ત્યારબાદ નીચે આપેલા દિવ્ય મંત્રની રોજ ૩(ત્રણ) માળા કરવી અને એકવાર ૐઋષિ રચિત શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ કરવો.

| | | |
|---|---|---|
| સાધના કેટલા દિવસ કરવી?: | | આ સાધના ૯ દિવસ એટલેકે આસો નવરાત્રિના પ્રથમ દિવસથી ચાલુ કરીને નોમ સુધી કરવી. |
| સ્થાપનનો સમય | : | સવારે ૭ થી ૧૧ માં સ્થાપન કરવું. |
| કયા કલરના વસ્ત્ર પહેરવા? | : | કોઈપણ કલરના વસ્ત્ર પહેરીને સાધના કરી શકાય. |
| ઉત્થાપન ક્યારે કરવું? | : | ઉત્થાપન દશેરાના દિવસે કરવું. સ્થાપનમાં મુકેલ દરેક વસ્તુનું ચક્ર સાથે નદીમાં વિસર્જન કરી દેવું. |

**દિવ્ય મંત્ર : ॥ ૐ શ્રી નવદુર્ગાદેવી મહાદેવી સિદ્ધિ નમઃ ॥**

## ૐ શ્રી નવદુર્ગાદેવી ઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ॐ श्री शैलपुत्रीदेवीः ॥<br>॥ ७७ ॥ | ॥ ॐ श्री ब्रह्मचारिणीदेवीः॥<br>॥ ६६॥ | ॥ ॐ श्री चंद्रघंटादेवीः ॥<br>॥ ५५ ॥ |
| ॥ ॐ श्री कुष्माण्डादेवीः ॥<br>॥ ९९ ॥ | ॥ ॐ श्री स्कंदमातादेवीः ॥<br>॥ ४४ ॥ | ॥ ॐ श्री कात्यायनीदेवीः ॥<br>॥ ३३ ॥ |
| ॥ ॐ श्री कालरात्रिदेवीः ॥<br>॥ २२ ॥ | ॥ ॐ श्री महागौरीदेवीः ॥<br>॥ ११ ॥ | ॥ ॐ श्री सिद्धिदात्रीदेवीः ॥<br>॥ ८८ ॥ |



# સંભુક ઊર્જા

## દ્વારા
## માતા નવદુર્ગાની કૃપા
## અને
## આશીર્વાદ પ્રાપ્ત કરવા
## નવરાત્રિના
## પ્રથમ દિવસથી
## શરૂ થનાર

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી



**સદ્ગુરુ ૐઋષિની પાવનનિશ્રામાં શીખવવામાં આવનાર**

# ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધના

નવરાત્રિના પાવન અવસરે દરેક ભક્તજન માતાની કૃપા અને આશીર્વાદની પ્રાપ્તિ કરવા માટે આતુર હોય છે. આજે આપને ખૂબ જ રહસ્યમય અને આપને આનંદિત કરી શકે એવા **''સંભુક ઊર્જા''**ની વાત કહેવા માંગુ છું.

મનુષ્યનું અવતરણ પ્રથમ વખત જ્યારે આ પૃથ્વી ઉપર કરવામાં આવ્યું ત્યારે મનુષ્યની ઓરામાં દેવી પાર્વતીના તપ-સાધનાથી સર્જિત થયેલી **''સંભુક ઊર્જા''** પણ ૧% જેટલી મુકવામાં આવી. **''સંભુક ઊર્જા''** મુકવા પાછળનું રહસ્ય એ હતું કે મનુષ્ય એ ઊર્જાનો ઉપયોગ કરીને દૈવી શક્તિ સાથે પોતાનું જોડાણ કરી શકે અને ધરતી ઉપર પડતા કષ્ટનું સમાધાન દૈવી શક્તિના માધ્યમથી પ્રાપ્ત કરી શકે, પરંતુ લાખો વર્ષનો સમય પસાર થતાં ઋષિમુનિઓએ **''સંભુક ઊર્જા''** વિશે જે જનમાનસને શાસ્ત્રને માધ્યમથી સમજૂતી આપી હતી એ વાત લુપ્ત થઈ ગઈ અને **''સંભુક ઊર્જા''**નો ઉપયોગ કરવાનું માણસ જે સતયુગમાં ખૂબ જ કરતો હતો એ કળિયુગ આવતા-આવતા સાવ ભૂલી ગયો.

હું આજે આપને આ વાત એટલા માટે કહી રહ્યો છું કે **''સંભુક ઊર્જા''**નો ઉપયોગ કરી આપ પણ દૈવી શક્તિ સાથે પોતાનું જોડાણ કરી શકો. દેવી પાર્વતીની તપ-સાધનાથી સર્જિત આ ઊર્જાનો ઉપયોગ કઈ રીતે કરવો એ **ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધના**માં ગુરુજી દ્વારા શીખવવામાં આવશે. **સંભુક ઊર્જા** એ આપને માતાની દિવ્ય ચેતના સાથે **ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધના**ના માધ્યમથી જોડાણ કરાવી શકશે. માટે ગુરુજી **ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધના** શીખવાડવાની શરૂઆત નવરાત્રિના પ્રથમ દિવસથી કરી રહ્યા છે.

આપ સૌ ભક્તજનો ગુરુજીની પાવનનિશ્રામાં આ દુર્લભ અને અલભ્ય મહાસાધનામાં જોડાવાનો લાભ ચૂકશો નહિ.

ખાસ નોંધ : આ મહાસાધના ગુરુજીની પાવનિશ્રામાં ખૂબ જ મર્યાદિત ભક્તસમૂહમાં કરાવવામાં આવશે.

**શુભ તારીખ**
**૩ - ૧૦ - ૨૦૨૪, ગુરુવાર**

**શુભ સમય**
**સાંજે ૪ થી ૬ કલાકે**

**શુભ સ્થળ**
**ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ, પાલડી, અમદાવાદ**

**વધુ માહિતી તથા રજીસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર : 9376334289**



|| ૐ નમઃ ||


ૐકાર શ્રી જીરાઉલા પાર્શ્વનાથ ભગવાન

## પર્યુષણ મહાપર્વમાં ભગવાન ૨૪ તીર્થંકરના ચરણોમાં સદગુરુ ૐઋષિ સ્વામીની અમૂલ્ય ભેટ એટલે

# શ્રી ૨૪ તીર્થંકર સિદ્ધ બાવની


મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ સ્વામી


# શ્રી ૨૪ તીર્થંકર સિદ્ધ બાવની


### સાખી

નામ કર્મ કે બંધ સે, મુક્ત જો હો જાયે ।
તીર્થંકર કે નામ સે – વો અમર હો જાયે ॥

ચૌબીસ તીર્થંકર હૈં મહાન, ૐઋષિ ગાયે ગુણગાન ॥૧॥
બાવની પઢે જો યહ નર-નાર, સુખ-સમૃદ્ધિ પાયે અપાર ॥૨॥
પાલિતાણા મેં બિરાજિત હૈ, ઋષભદેવજી પ્રથમ હૈં ॥૩॥
યાત્રા જો શત્રુંજય કી, રાહ દિખાયે મુક્તિ કી ॥૪॥
દ્વિતીય હુએ શ્રી અજીતનાથ, સોહે હાથી ચિહ્ન કે સાથ ॥૫॥
રાજા સગર જબ વ્યથિત હુએ, અજીતનાથ કે શિષ્ય હુએ ॥૬॥
સંભવનાથ શ્રી તૃતીય હુએ, અનંત ચતુષ્ટય પ્રાપ્ત કિએ ॥૭॥
ઘનઘાતી જો કર્મ સભી, ક્ષય કરકે પાઈ મુક્તિ ॥૮॥
શ્રી અભિનન્દન સ્વામી જો, ચૌથે હૈં તીર્થંકર વો ॥૯॥
ગર્ભ સે હી ત્રયજ્ઞાન લિયે, ભવબંધન સે મુક્ત હુએ ॥૧૦॥
સુમતિનાથ શ્રી પંચમ હૈ, પ્રતિક જિનકા હંસ હૈ ॥૧૧॥
ગર્ભ સે માઁ કો બુદ્ધિ દી, સાર્થક નામ કિયા સુમતિ ॥૧૨॥
પદ્મપ્રભુ સ્વામી ષષ્ટમ, કૌશાંબી મેં લિયા જનમ ॥૧૩॥
શ્રુત, મતિ ઔર પાઈ અવધિ, સમેત શિખર પાઈ મુક્તિ ॥૧૪॥
વારાણસી મેં જન્મેં જો, સાતવેં સુપાર્શ્વનાથ હૈં વો ॥૧૫॥
અનિત્ય ભાવના હૈ કૈસી, સુપાર્શ્વનાથ ને દેશના દી ॥૧૬॥
અષ્ટમ ચન્દ્રપ્રભુ સ્વામી, પ્રતિક ઉનકા શુભ્ર શશી ॥૧૭॥
અશુચિતા પર દેશના દી, મોક્ષ કી રાહ દિખાઈ સહી ॥૧૮॥

સુવિધિનાથ શ્રી નૌવેં હુએ, પુષ્પદન્ત સે પ્રસિદ્ધ હુએ ॥૧૯॥
કર્મ કા આશ્રવ સમજાયા, મોક્ષ સમેત શિખર પાયા ॥૨૦॥
શીતલનાથજી પ્રભુ દસમ, ગર્ભ સે હી કિયે શીત કરમ ॥૨૧॥
સંવર ભાવ કા જ્ઞાન દિયા, કર્મપાશ સે મુક્ત કિયા ॥૨૨॥
એકાદશ હૈં શ્રેયાંસનાથ, મનઃપર્યય હુઆ જો જ્ઞાન ॥૨૩॥
નિર્જરાપે ઉપદેશ દિયા, ભક્તોં કો જાગ્રત હૈં કિયા ॥૨૪॥
વાસુપૂજ્ય ભગવાન હૈં જો, બારહવેં તીર્થંકર વો ॥૨૫॥
વ્યાખ્યા ધર્મ કી અદ્ભૂત કી, એક માહ મેં મુક્તિ લી ॥૨૬॥
વિમલનાથ હૈં તેરહવેં, જન્મોત્સવ કિયા દેવોં ને ॥૨૭॥
સમ્યક્ દૃષ્ટિ સમજાઈ, સિદ્ધ હોકે મુક્તિ પાઈ ॥૨૮॥
અનંતનાથ શ્રી ચૌદહવેં, પુરી અયોધ્યા મેં જનમે ॥૨૯॥
નૌં તત્વોં પર દેશના દી, ચાર તીર્થ કી સ્થાપના કી ॥૩૦॥
ધર્મનાથ પંદ્રહવેં જો, ધર્મ કે સિદ્ધ પ્રવર્તક વો ॥૩૧॥
ધર્મનાથ કો જો પૂજે, ચાર કષાયોં સે છૂટે ॥૩૨॥
સોલહવેં શ્રી શાંતિનાથ, મિટાઈ મહામારી કી ઘાત ॥૩૩॥
ઈન્દ્રિય વિજય કી દેશના દી, શાંતિ જગ મેં સ્થાપિત કી ॥૩૪॥
કુંથુનાથ સત્રહવેં હૈં, વજ્ર કા પ્રતિક જિનકા હૈ ॥૩૫॥
ધર્મ ચતુર્યામ સિખલાયે, કુંથુનાથ નિગ્રન્થ હુએ ॥૩૬॥
શ્રી અરનાથ હૈં અઠારવેં, જો થે કામદેવ તેરહવેં ॥૩૭॥
કહા મિટાઓ આસક્તિ, પાઓગે તુમ હી મુક્તિ ॥૩૮॥
મલ્લિનાથ ઉન્નીસવેં જો, પ્રકટ હુએ સ્ત્રી દેહ મેં વો ॥૩૯॥
છઃ રાજા કો જ્ઞાન દિયા, એક હી દિન મેં મોક્ષ લિયા ॥૪૦॥
બીસવેં મુનિસુવ્રતજી હુએ, રામ પ્રભુ જબ પ્રકટ હુએ ॥૪૧॥
અષ્ટ કર્મ કા નાશ કિયા, કેવલ જ્ઞાન કો પ્રાપ્ત કિયા ॥૪૨॥
નેમિનાથ ઇક્કિસવેં હૈં, નીલકમલ જિનકા ચિહ્ન હૈ ॥૪૩॥
ચાર ધ્યાન કો સમજાયા, મુક્તિ કા પથ દિખલાયા ॥૪૪॥
બાઈસવેં શ્રી નેમિનાથ, હૈ ઋગ્વેદ મેં જિનકા નામ ॥૪૫॥
ભાઈ થે શ્રીકૃષ્ણ કે જો, ત્રિવિધ તાપ મિટા દે વો ॥૪૬॥

પાર્શ્વનાથ પ્રભુ તેઇસવેં, ૐકારધામ મેં સેવિત હૈં ॥૪૭॥
ભક્તોં કે દુઃખ-દર્દ હરે, ખુશિયોં કે ભંડાર ભરે ॥૪૮॥
હૈં ભગવાન મહાવીર જો, તીર્થંકર ચૌબીસવેં વો ॥૪૯॥
ધર્મ અહિંસા સિખલાયા, નામ અમર જગ મેં પાયા ॥૫૦॥
જો હૈ ભાવિ તીર્થંકર, નામ હૈ ઉનકા સીમંધર ॥૫૧॥
મહાવિદેહ મેં જીવિત હૈ, અનંત ભક્તોં કે પૂજિત હૈં ॥૫૨॥

**સાખી**

**પઢે જો તીર્થંકર ગાથા, ભવસાગર વો તર જાતા ।**
**'ૐઋષિ' યહ આશિષ દે, આતમ મોક્ષ ગતિ પા લે ॥**

**॥ ઈતિ શ્રી સદગુરુ ૐઋષિ સ્વામી વિરચિત શ્રી ૨૪ તીર્થંકર સિદ્ધ બાવની સંપૂર્ણ ॥**



# વિજયાદશમીના પાવન અવસરથી કરવા માટે દિવ્ય મંત્રસાધના

**દિવ્યમંત્ર : ॥ ૐ રામસ્ય રામસ્ય વિજયાતુ નમો નમઃ ॥**

આપના જીવનમાં આપનો વિજય થાય એ માટે ઉપર આપેલ મંત્રસાધના વિજયાદશમીથી શરૂ કરીને ૧૫ દિવસ સુધી કરવી. ઉપર આપેલ મંત્રની રોજ એક માળા કરવી. આ મંત્રસાધના આપ કોઈપણ સમયે કરી શકો છો.

# વર્ષોથી અટકેલું કાર્ય પૂર્ણ થયું

છેલ્લા દસ વર્ષથી અમે અમારી દીકરી માટે યોગ્ય જીવનસાથી શોધી રહ્યા હતાં. પરંતુ એમાં અવરોધ આવતો હતો અને વાત કોઈ ઠેકાણે બેસતી ન હતી. ૨૦૨૨ ના માર્ચ મહિનામાં અમે પરમ પૂજ્ય ગુરુજીને મળ્યા હતા. દીકરી માટે યોગ્ય જીવનસાથી ન મળવાના કારણે અમે લોકો ખૂબ જ દુ:ખી હતાં. પરમ પૂજ્ય ગુરુજીને અમારી વ્યથા રજૂ કરી ત્યારે એમણે અમને મંત્ર અને ૐકાર ચાલીસા કરવાનું કહ્યું કે આપની દીકરીની ઓરામાં "રુતમ દોષ" છે અને એનું સમાધાન કરવાની સલાહ પણ આપી.

પરમ પૂજ્ય ગુરુજીની આજ્ઞા પ્રમાણે અમે આગળ વધ્યા. હું અને મારી પત્ની વિચારતા હતાં કે દસ વર્ષમાં બધાં જ પ્રયત્ન કરવા છતાં દીકરીના જીવનનો પ્રશ્ન ઉકેલાયો નથી તો આ મંત્ર, ચાલીસા અને દોષના સમાધાનથી આ પ્રશ્ન ઉકલશે ખરો? સાચું કહું તો અમે લોકો નિરાશાથી એટલા ઘેરાયેલા હતાં કે અમને કશું સકારાત્મક સૂઝતું જ ન હતું અને અમારી પાસે ગુરુજી ઉપર શ્રદ્ધા રાખ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ પણ ન હતો.

છ મહિનાની ખૂબ જ કઠિન રાહ જોયા બાદ કેનેડાથી આવેલા અમારા સમાજના જ એક યુવક જોડે મારા મોટાભાઈની મધ્યસ્થીના કારણે દીકરીને યોગ્ય જીવનસાથી મળી ગયો. આખી આ વાતમાં ચમત્કાર એ છે કે આ યુવક માટે અમે ભૂતકાળમાં બે વાર વાત કહેવડાવી હતી છતાં પણ એમના તરફથી કોઈ જવાબ આવતો ન હતો, પરંતુ પરમ પૂજ્ય ગુરુજી દ્વારા બતાવેલ માર્ગ પર ચાલવાના કારણે આ વાત સામેથી આવી. સાચું કહું તો અમારા આ જીવનમાં બનેલી આ ઘટના અકલ્પનીય છે અને પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી જ આ શક્ય બન્યું છે એવું અમે દૃઢપણે માનીએ છીએ. મારી દૃષ્ટિએ તો કળિયુગમાં ગુરુજીના મંત્ર એ જ ચમત્કાર છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા દંડવત નમન....

લી. કલ્પેશ પટેલ અને ભાવના પટેલ (અમદાવાદ)

આપ પણ આવા કોઈ પ્રશ્નથી ઘેરાયેલા હોય તો નીચે આપેલ મંત્ર ૩ વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો તેમજ પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુ-ટ્યુબ પર સદ્ગુરુ ૐઋષિ ચેનલ ઉપર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો સામાજિક પ્રશ્નોના સમાધાન માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળવો.

**મંત્ર : ॥ ૐ રુતમ રુતમ મુક્તિવા નમઃ ॥**

## શારીરિક કષ્ટમાંથી સંપૂર્ણપણે મુક્તિ મળી

મારા માતૃશ્રી જેમની ઉંમર ૬૫ વર્ષ છે. એ છેલ્લા દસ વર્ષથી પગના ખેંચાવાના કારણે બહુ જ વ્યથિત રહેતા હતાં. ઢીંચણથી નીચેના પગ બહુ જ ખેંચાતા હતાં અને રિપોર્ટ પણ નોર્મલ આવતા હોવાના કારણે ડૉક્ટરો પણ કોઈ ચોક્કસ નિદાન કરી શકતા ન હતાં.

એક દિવસ સવારના સમયે પરમ પૂજ્ય ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ સદ્‌ગુરુ ૐઋષિ ઉપર શારીરિક પ્રશ્નોના નિવારણ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત સાંભળ્યો અને આ મંત્રશક્તિપાત મેં મારા માતૃશ્રીને સાંભળવા માટે કહ્યું. મારા માતૃશ્રી શારીરિક રીતે એટલા પરેશાન રહેતા હતાં કે પ્રાર્થના કરીને મંત્રશક્તિપાત રોજ દિવસમાં બે થી ત્રણ વાર સાંભળતા હતાં.

ધીમે-ધીમે બે મહિનામાં મંત્રશક્તિપાતના કારણે એમની શારીરિક પીડામાં એમને ૩૦ ટકા સુધારો દેખાયો. ત્યારબાદ મારા માતૃશ્રી દર મહિનાનો નવો આવતો મંત્રશક્તિપાત સાંભળતા. જેના કારણે તેમની શારીરિક સ્થિતિ ક્રમશઃ સુધરતી ગઈ અને અત્યારે જ્યારે આ અનુભવ લખું છું ત્યારે એમની શારીરિક પરિસ્થિતિ સંપૂર્ણપણે નોર્મલ થઈ ગઈ છે. ઘરેબેઠાં ગંગા મળે એનો અનુભવ મને પોતાને આ રીતે થયો. મંત્રમાં અમોઘ શક્તિ હોય છે એનો પરિચય પણ મને મળ્યો. ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.....

લી. દીપેશ રાવલ (વડોદરા)

આપ પણ આવી કોઈ સમસ્યાથી ઘેરાયેલા હોય તો પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુ-ટ્યુબ પર સદ્‌ગુરુ ૐઋષિ ચેનલ ઉપર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો શારીરિક પ્રશ્નોના સમાધાન માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો. આપને ચમત્કારિક પરિણામ અવશ્ય મળશે.

## ગ્રીન માળાએ ચમત્કાર કર્યો

રક્ષાબંધનના દિવસે એટલેકે તારીખઃ૧૯-૮-૨૦૨૪ના રોજ હું પરમ પૂજ્ય ગુરુજીના પૂનમ મહાદર્શન માટે ગઈ હતી. મારા દીકરા ભવ્યની કેનેડા જવા માટેની ફાઈલ છ મહિનાથી અટકેલી હતી. અમે ઘરના બધાં જ લોકો પરેશાન હતાં. પૂનમ મહાદર્શનના દિવસે પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ કરેલી ગ્રીન માળા અને એની સાથે આપવામાં આવેલો સૂર્યવિદન્ત્યદેવનો શ્લોક મેં લીધા અને ત્યાં બેસીને જ એ શ્લોક કરવાનો શરૂ કરી દીધો અને ત્રણ જ દિવસમાં છ મહિનાથી અટકેલી કેનેડાની

ફાઈલ પાસ થઈ ગઈ અને મારા દીકરાને વીઝા મળી ગયા.

મેં ગુરુજી દ્વારા સિદ્ધ ગ્રીન માળા લીધી ત્યારે જ મને વિશ્વાસ હતો કે આનાથી મારું અટકેલું કાર્ય પરિપૂર્ણ થઈ જશે. આ વાત મેં ગુરુજીને કીધી ત્યારે ગુરુજીએ હસીને મને કહ્યું કે આ તારી શ્રદ્ધાનો ચમત્કાર છે. ગુરૂજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત નમન...

લી. લીનાબેન પટેલ (વડોદરા)

**આપ પણ આપના જીવનનું કોઈ અટકેલું કાર્ય પરિપૂર્ણ કરવા ઈચ્છતા હોય તો ગરુજી દ્વારા સિદ્ધ ગ્રીન માળા ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પરથી મેળવી શકો છો.**

## શેરબજારના ધંધામાં સફળતા મળી

મારું નામ વિનેશભાઈ પટેલ છે. છેલ્લાં પંદર વર્ષથી હું શેરબજારનો ધંધો કરું છું. પરંતુ શેરબજારના ધંધામાં મને સફળતા મળતી ન હતી. આમ તો હું ગવર્નમેન્ટમાંથી રીટાયર્ડ થયેલો છું. પરંતુ શેરબજારનો ધંધો મારો ગમતો વિષય છે. ૨૦૨૩ મે મહિનામાં પરમ પૂજ્ય ગુરુજીને હું પ્રથમ વખત મળ્યો હતો. એ વખતે પરમ પૂજ્ય ગુરુજીએ મને મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ કરવાનું કહ્યું અને શેરબજારમાં ધનલાભ થાય એ માટેનું સમાધન પણ આપ્યું હતું.

પરમ પૂજ્ય ગરુજીએ આપેલા મંત્ર, ચાલીસા અને સમાધાનના માધ્યમથી પહેલા જ મહિનામાં મને ઘણો ફાયદો દેખાયો. પરમ પૂજ્ય ગુરુજીએ સૂચવેલા શેરોમાં પણ મેં રોકાણ કર્યું. એમાં પણ મને સારી સફળતા મળી છે. સાચું કહું તો શેરબજારમાં આર્થિક ઉન્નતિ થવાથી મેં ધારેલી પ્રોપર્ટીમાં ઈન્વેસ્ટમેન્ટ પણ કરી શક્યો છું અને આ બધું જ ગુરુજીના આશીર્વાદથી જ શક્ય બન્યું છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા શત્ શત્ વંદન....

લી. વિનેશ પટેલ (અમદાવાદ)

**આપ પણ શેરબજારને લગતા પ્રશ્નથી મૂંઝાતા હોય તો પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુ-ટ્યુબ પર સદ્ગુરુ ૐઋષિ ચેનલ ઉપર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો શેરબજારના ધંધામાં સફળતા મળે એ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો.**

# પ્રિય મિત્ર ગુલમહોર

## (સંપૂર્ણ સત્ય ઘટના)

મારું બાલમંદિર પતાવીને હું પહેલા ધોરણમાં પ્રવેશ્યો હતો એ સમયની આ વાત છે. હું પહેલા ધોરણમાં પ્રવેશ્યો ત્યારે મારામાં ઘણીબધી સમજણ આવી ગઇ હતી.

ઈશ્વરની મારા ઉપર એવી કૃપા રહી છે કે બાલ્યકાળથી લઇ જીવનમાં આજ દિન સુધી બનેલી લગભગ નાની મોટી બધી જ ઘટનાઓ મારી યાદોમાં, મારા સ્મરણમાં ઓછા-વત્તા અંશે પણ હજી એ અદ્દલ એ સમય જેવી જ જીવંત રહી છે.

ઘણીવાર યાદોના સ્મરણો તમારા જાગ્રત અને અજાગ્રત મનમાં જયારે સચવાયેલા રહ્યા હોય ત્યારે એ સ્મરણોની યાદો દુઃખની હોય કે પછી સુખની પણ હોય છતાં અકબંધ રહેતી હોય છે. મારી જોડે તો એવું થયું જ છે.

એ સ્મરણો કોઇ ઘટના કે સંજોગ સાથે જોડાયેલા પણ હોય, કોઇ પરિસ્થિતિ અથવા કોઇ દૃશ્ય તમારી આંખ સામેથી પસાર થયું હોય એના પણ હોય છતાં એ સ્મરણોમાં તમને ખુશીઓ અને સુખની યાદો ઓછી અને દુઃખો અને તકલીફોની યાદો વધારે યાદ રહેતી હોય છે.

હવે હું મારા સ્મરણ ઉપર આવું છું. વાત એવી બની હતી કે હું જયારે પહેલા ધોરણમાં આવ્યો ત્યારે એક દિવસ સવારે કદાચ એ રવિવારની સવાર હશે, કારણકે દાદા, પિતા, કાકા બધાં જ એ દિવસે ઘરમાં હતાં.



"આ ગુલમહોરનું ઝાડ છેને તું જન્મ્યો એના પાંચ વર્ષ પહેલા તારા દાદાએ માળી પાસે આ ક્યારામાં વવડાવ્યું હતું." લીમડાનું દાતણ કરતા કરતા બંગલાના ઓટલા પર બેસી મારા બાએ મને કહ્યું હતું.

હું પણ મોઢામાં બ્રશ કરતા કરતા પહેલીવાર મેં એ ગુલમહોરને

બરાબર ધ્યાનથી જોયો હતો. પૂરેપૂરો ફાલીને પોતાના લાલ કેસરી ફૂલો સાથે સજ્જ લગ્નમાં જવા માટે તૈયાર થયેલા કોઇ જાનૈયા જેવો ગુલમહોર લાગતો હતો.

ખબર નહિ કેમ પણ અનાયાસે એ દિવસથી ગુલમહોર મને ખૂબ આકર્ષિત કરવા લાગ્યો હતો. હું સવારે સાડા દસ વાગે સ્કૂલે જતો હોઉં ત્યારે ગુલમહોરની સામે જોઇને નીકળું. અમારા બંગલાના ઝાંપા પાસે ભાનજીભાઇ કરીને સાઇકલવાળો ઘંટડી મારતો મારતો મારી રાહ જોતો ઊભો હોય અને મારી નજર ગુલમહોરના ઝાડ તરફ રાખી હું ચાલતો ચાલતો ઝાંપા સુધી પહોંચતો હતો.

હું જે સમયની વાત કરું છું એ સમય 1984-85 નો હતો. આ સમયમાં સ્કૂલમાં છોકરાઓને લઇ જવા સાઇકલવાળા પોતાની સાઇકલમાં પાછળ ડનલોપની સીટ બનાવી દેતા અને સાઇકલના આગળના ડંડા ઉપર પણ નાની ડનલોપની સીટ બનાવડાવતા હતાં. જેથી એ સીટ ઉપર છોકરાઓને બેસાડી સાઇકલવાળો સ્કૂલે મુકવા અને લેવા આવતો હોય. મને બરાબર યાદ છે એ વખતે મને સ્કૂલે લેવા મુકવા આવતા સાઇકલવાળા ભાનજીભાઇને મહિને ત્રીસ રૂપિયા આપવામાં આવતા હતાં.

સાઇકલની પાછળની ડનલોપવાળી સીટ ઉપર બેસીને હું ગુલમહોર તરફ નજર નાંખુ ન નાંખુ ત્યાં તો સાઇકલ ઉપડી જતી હતી. આખો દિવસ સ્કૂલમાં ભણવામાં અને રીસેસમાં મિત્રો સાથે રમવામાં થોડોક સમય માટે એ ગુલમહોર વિસરાઇ જતો હતો.

સાંજે પાછો જ્યારે ભાનજીભાઇની સાઇકલ પરથી ઉતરું ત્યારે તરત સામે ગુલમહોરનું એ ઝાડ દેખાય. હું દોડતો દોડતો ગુલમહોરના ઝાડને જોતો ઘરમાં દાખલ થઇ જઉં. મમ્મી પાસેથી વાડકીમાં નાસ્તો લઇ વરંડામાં પાછો આવીને વરંડામાં જ રહેલા થાંભલાના ટેકે એ નાસ્તો કરતા કરતા ગુલમહોરને નીરખતો રહું.

મને હંમેશા લાગતું કે એ ગુલમહોર મારી સાથે વાત કરવા માંગે છે. એ એની અંદરની જીવંતતા અથવા તો એની અંદર રહેલું કોઇક એવું તત્વ હશે કે જે મને એના તરફ ખેંચતુ હતું.

હું નાસ્તો પતાવી બરાબર એના નીચે એક ગોળ ફેરફૂદરડી ફરી લેતો. ગુલમહોરના નીચે પડેલા પાંદડા પાણીથી ધોઇને મેં ઘણીવાર ખાધા પણ છે.

“આ ગુલમહોરના પાન ઝેરી પણ હોઇ શકે. આ પાંદડા ખાવાની તને ટેવ પડી ગઇ છે. તું બકરી છું?” મારી મમ્મી મને ઠપકો આપતા કહેતી હતી.

“ના, પણ મને બહુ ભાવે છે.” હું માત્ર

એટલો જ જવાબ આપતો હતો.

મમ્મીના વારંવાર ઠપકાથી મેં એ પાન ખાવાનું બંધ કરી દીધું હતું. હું જ્યારે મિત્રો સાથે ક્રિકેટ અથવા લખોટી રમવા જઉં ત્યારે એની સામે જોઇને જતો હતો. એ વખતે એ મને 'આવજો' કહેતો હોય એવું લાગતું હતું.

"મમ્મી, આ ગુલમહોરનું ઝાડ બોલી શકતું હશે ખરું?" પહેલા ધોરણમાં હું ભણતો હતો એ વખતે મેં મમ્મીને પૂછ્યું હતું.

"ઝાડ તો કદી બોલતું હશે. ઝાડ તો ખાલી આપણને ઓકસીજન આપે. ઝાડ ઉપર પંખીઓ માળો બાંધે, પંખીઓ એમના ઘર વસાવે અને તડકામાં આપણને છાંયડો આપે. આના સિવાય ઝાડ બીજું કશું ના કરે." મમ્મીએ માથા પર ટપલી મારીને કહ્યું હતું.

મને મમ્મીની વાત ઉપર વિશ્વાસ ના બેઠો. મને એવું લાગતું હતું કે બીજા ઝાડ બોલે કે ના બોલે પણ આ ગુલમહોરનું ઝાડ મને ચોક્કસ કશુંક ને કશુંક કહે છે. મિત્રો સાથે રમતો ના હોઉં અને રજા હોય તો એની સામે વરંડામાં બેસીને કે બેડરૂમમાં બેસીને જોયા કરું. પરીક્ષાઓ ચાલતી હોય એ સમય દરમ્યાન હું એ ઝાડ પાસે જઈ બોલતો પણ ખરો.

"તારે સારું છે, ગુલમહોર. પરીક્ષા આપવા ના જવાનું હોય. અમારે તો ફરજિયાતપણે પરીક્ષા આપવા જવું પડે. સ્કૂલમાંથી આપેલું ઘરકામ કરવું પડે." ઝાડ પાસે જઇ આવું કંઇક કેટલું બોલતો હતો.

એ વખતે મને ગુલમહોરની ઇર્ષ્યા થતી કે આ ઝાડનું જીવન તો કેવું સારું છે! કોઇ માથાકૂટ નહિ, કોઇ જવાબદારી નહિ. ના સવારે બ્રશ કરવાની ચિંતા કે ના પરીક્ષા આપવાની ચિંતા, ના ટીચરનો કોઈ ડર કે પછી ના સીવણ જેવા કોઇ ક્લાસ, ચિત્રકામ પણ કરવાનું નહિ, ગણિત સાથે કોઇ લેવાદેવા નહિ અને મારે આ બધું જ કરવું પડતું જેમાં મને રસ પડતો નહિ. એટલે સ્વાભાવિકપણે બાલ્યાવસ્થામાં સમજણના અભાવે ઇર્ષ્યા તો થાય.

મારા જીવનના સમયનો વહેણ ધીરેધીરે બદલાવા લાગ્યો હતો. પાંચમુ ધોરણ મેં પૂર્ણ કર્યું ત્યાં સુધીમાં તો હું શારીરિક તકલીફોમાં જકડાતો જતો હતો. છઠ્ઠુ ધોરણ તો આખું હું લગભગ ઘરે જ રહ્યો. એક પણ દિવસ હું સ્કૂલે જઇ શક્યો નહિ. એ આખું વર્ષ હું ઘરે બેસીને ટ્યુશનના સહારે ભણ્યો. એ દરમિયાન સાંજના પાંચથી સાત આરામખુરશીમાં બેસી ગુલમહોરને જોવા સિવાયનું કોઇ કાર્ય ન હતું. શારીરિક પીડા અજગરની જેમ ભરડો લઇ રહી હતી. ડોક્ટર નિદાન કરી શકતા ન હતાં. મેડીકલ રીપોર્ટોની રાહ જોવામાં દિવસો પસાર કરવાના હતાં ત્યારે આ બધાં દુ:ખોની વચ્ચે

સુખ અને આનંદની પળ એટલે ગુલમહોર સાથે બે કલાક બેસું અને ગુલમહોરને જોઇને મારા મનની વાત કહ્યા કરું.

ગુલમહોર મારું મિત્ર, સખા જેવું બની ગયું હતું કારણકે એ વખતે એના સિવાય મારું કોઇ મિત્ર રહ્યું ન હતું. હું અને ગુલમહોર અમે બંન્ને એકબીજાના મિત્ર બની ગયા હતાં.

પહેલાની જેમ હવે હું એના છાંયડે જઈ શકતો ન હતો. ચાલવાની વાત તો દૂર રહી, જાતે ઊભું પણ થઇ શકાતું ન હતું. દૂરથી અમે એકબીજાને જોયા કરતા હતાં.

ધીરે-ધીરે મારી શારીરિક પીડામાં વધારો થવા લાગ્યો હતો. એક વૈજ્ઞાનિક રીસર્ચ વિશે વર્ષો પછી મેં સાંભળ્યું કે ઝાડની પાસે આપણે ઊભા રહી અને ઝાડને આપણે કહીએ કે "તું મરી જા....તું મરી જા...તું મરી જા..." તો મહિનામાં ઝાડ મરી જાય. સાયન્સે આ વાત સાબિત કરેલી છે પરંતુ મારી જોડે આ ઘટના તો 1987-88 માં બની હતી અને હું એનો પોતે સાક્ષી રહ્યો હતો.

મારો મિત્ર ગુલમહોર કદાચ મારી શારીરિક પીડાને સમજી ગયો હશે. મારા દુઃખને એ ઓળખી ગયો હશે. મારું દુઃખ એનાથી સહન નહિ થઇ શક્યું હોય. કારણ જે કંઇપણ રહ્યું હોય પરંતુ જેમ જેમ મારી પીડા વધતી ગઇ ગુલમહોરની યુવાની અચાનક ઘડપણમાં બદલાવા લાગી હતી. પાણી ભરપૂર આપવા છતાં એ ઝાડ સૂકાતું ગયું હતું. મારા દુઃખ સાથે જાણે એ સમાનુભૂતિની અનુભૂતિ કરતું હોય એ રીતે એની ડાળીઓ, એનું થડ જીર્ણ થવા લાગ્યું હતું. પાંદડા પણ એના ઉપર નામ માત્રના રહ્યા હતાં. મારી પીડા જ્યારે પરાકાષ્ટાએ પહોંચી ત્યારે ગુલમહોરે એના આખરી શ્વાસ લીધા હતાં અને એ મૂળમાંથી ઉખડી જમીન ઉપર પડી ગયું હતું.

"ગુલમહોરનું ઝાડ આજે પડી ગયું. આમેય સાવ સૂકાઇ ગયું હતું. ઠૂંઠા જેવું થઇ ગયું હતું." મારી મમ્મી બોલી હતી.

એ શબ્દો મને હજીયે બરાબર યાદ છે.

"મારું દુઃખ જોઇને એ દુઃખ સહન નહિ કરી શક્યું હોય, મમ્મી અને એટલે જ એ મરી ગયું." મેં પણ મમ્મીને કહ્યું હતું.

" માણસને એકબીજાનું દુઃખ થાય. ઝાડને માણસનું દુઃખ ના થાય." મમ્મીએ મને સમજાવતા કહ્યું હતું.

"ના મમ્મી, ઝાડને પણ એટલી જ ખબર પડે છે જેટલી આપણે માણસોને ખબર પડે છે. હું રોજ એને જોવું છું. જેમ મને તકલીફ વધતી ગઇને એમ એ ધીરથીરે જીર્ણ થતું ગયું. એની દમદાર ડાળીઓ, એની પર બેસતા પંખીઓ બધું જ ધીરેધીરે જવા લાગ્યું અને એ

નિસ્તેજ અને દુઃખી થઇ ગયું અને એ દુઃખમાં જ એ મરી ગયું." મેં મારી મમ્મી સામે જોઇ કહ્યું હતું.

"આટલા ભારે શબ્દો તને બોલતા કઇ રીતે આવડે છે? આ ચોપડીઓ વાંચી વાંચી તારું મગજ ખરાબ થઇ જશે." મમ્મીએ ગુસ્સો કરતા કહ્યું હતું.

પણ મારે મમ્મીને કઇ રીતે સમજાવું કે હું જે કહું છું એ સાચું કહું છું. મારી શારીરિક પીડાના દુઃખમાં મારો મિત્ર ગુલમહોર પણ આ દુનિયા છોડી જતો રહ્યો. એનામાં પણ પ્રાણ હતો. એનામાં મારું દુઃખ જોવાની તાકાત નહિ રહી હોય.

મેં મારી મમ્મીને જમીન પર પડેલા મારા મિત્ર ગુલમહોરના ઝાડ પાસે મને લઇ જવા કહ્યું હતું. એ મને ઊંચકીને એ ઝાડ પાસે લઇ ગઇ જે ગુલમહોર નિસ્તેજ અને નિષ્પ્રાણ થઇ ધરતી ઉપર પડ્યો હતો. મેં મારા એ મિત્ર ગુલમહોર ઝાડને છેલ્લી વાર હાથ લગાડ્યો, જેમ સ્વજનને આખરી વિદાય આપતા હોઇએ એ જ રીતે આંખમાં આંસુ સાથે એને અડ્યો હતો.

ગુલમહોરને અડ્યાનો એ છેલ્લો સ્પર્શ હું આજે પણ મારી આંગળીના ટેરવે મહેસૂસ કરી શકું છું. મારા એ મિત્રની વિદાયનું દુઃખ મને આજે પણ મારી યાદોમાં એટલું જ તીવ્ર છે જે દિવસે હું એને ધરતી પર અડ્યો હતો ત્યારે હતું એટલું જ દુઃખ મારી અંદર અનુભવું છું.

આ તો કુદરતનો ક્રમ છે. જન્મ છે એનું મૃત્યુ છે. ઉગે છે એ કપાય છે. જાગે છે એ સૂવે છે. આ તો નિયતીનો ક્રમ છે આપણે સ્વીકારવો જ રહ્યો પરંતુ મારા મિત્ર ગુલમહોરનું અકાળે આ દુનિયાને છોડીને જવું એ કુદરતના ક્રમથી વિશેષ હતું અને વિશેષ મિત્રતાનો અને લાગણીનો અમારા બંન્ને વચ્ચે સ્થપાયેલો સેતુ હતો.

મારા દુઃખનો વધુ સાક્ષી બની શકે એવું સામર્થ્ય એનામાં રહ્યું ન હતું અને એના કારણે જ એ અકાળે એના મૂળમાંથી ઉખડી ગયું હતું. ગુલમહોરના ઝાડ જ્યાં જ્યાં હું જોઉં છું ત્યારે મને મારો મિત્ર યાદ આવી જાય છે.

મારી યાદોમાં આજે પણ મારો મિત્ર ગુલમહોર સજીવ અને જીવંત છે. મારું ઘર મને એટલા માટે મને આજે પણ યાદ છે કે એ ઘરની બહાર મારા દુઃખનો સાક્ષી મારો મિત્ર ગુલમહોર ઊભેલો હતો.

લિ.

ૐગુરુ




શુભામરાજે એક મોટો રલિકાવાદ(ખલ) મોકલાવ્યો જેમાં ફૂલોને વાટીને રસ નીકાળી શકાય.

સૂર્યવિદન્ત્યદેવે ફૂલોને રલિકાવાદ(ખલ)માં મુકીને વાટીને રસ કાઢવા માટે સુદત્યને આદેશ આપ્યો અને પોતે આંખ બંધ કરી એમની દિવ્ય શક્તિને જાગ્રત કરી અને મંત્રશક્તિના ઉચ્ચારણથી એમની હથેળીમાં એક કળશ પ્રગટ કર્યો. કળશની અંદર લીલા કલરનું લસક નામનું દ્રવ્ય હતું. એ દ્રવ્ય એમણે ઊભા થઈને રલિકાવાદ(ખલ)માં નાખી દીધું.

‘‘દેવ! આ રલિકાવાદ(ખલ)માં નાખેલું દ્રવ્ય શું છે?’’ સુદત્ય યક્ષે ખલમાં ફૂલોના રસ સાથે એ દ્રવ્યને મેળવતા સૂર્યવિદન્ત્યદેવને પૂછ્યું.

‘‘લસક નામનું આ દ્રવ્ય યુદ્ધ માટે તૈયાર બધાં જ રાક્ષસોની શક્તિઓને ક્ષીણ કરી દેશે અને આવનારા ૨૦૦૦ વર્ષ સુધી ઈન્દ્રલોક ઉપર આક્રમણ કરવા માટે તેમજ લડવા માટે એ લોકો સક્ષમ રહેશે નહિ.’’ સૂર્યવિદન્ત્યદેવે પાછા પોતાની જગ્યાએ બેસતા કહ્યું.

સુદત્ય યક્ષના મુખ ઉપર થોડા અણગમાનો ભાવ દેખાયો.

‘‘સુદત્ય! તારા મુખ ઉપર અણગમો કેમ દેખાય છે?’’ સૂર્યવિદન્ત્યદેવે પૂછ્યું.

‘‘દેવ! મને ક્ષમા કરજો. પરંતુ આપ આટલા શક્તિશાળી છો, આપની સામે બ્રહ્માંડમાં દેવ કે દાનવ કોઈપણ ટકી શકે એમ નથી તો પછી આવું છળ કરવાનું કારણ શું?’’ સુદત્યએ પૂછ્યું.

સુદત્યની વાત સાંભળી સૂર્યવિદન્ત્યદેવના મુખ ઉપર હાસ્ય આવ્યું.

‘‘સુદત્ય! દરેક વખતે શક્તિનો ઉપયોગ કરવો જરૂરી નથી હોતો. કેટલીકવાર બુદ્ધિનો ઉપયોગ કરવો પણ આવશ્યક છે. આ લવક નામના દ્રવ્યના કારણે આ થોડાં ફૂલોમાંથી એટલું દ્રવ્ય બનશે કે જેમાંથી દરેક રાક્ષસ એક-



॥ ૐ નમઃ ॥

એક ટીંપુ ગ્રહણ કરી શકે અને એકસાથે હજારો રાક્ષસોની શક્તિ ક્ષીણ થશે. જ્યારે આમને સામને યુદ્ધ કરીશું તો રાક્ષસો એકવખત માટે પરાજિત થશે પરંતુ પાછા ફરી યુદ્ધ માટે તરત તૈયાર થઈ જશે. ૨૦૦૦ વર્ષ સુધી રાક્ષસોને બેસાડી રાખવા માટેનો આ એક માર્ગ હોવાના કારણે જ આપણે રાક્ષસલોકમાં આવ્યા છીએ.'' આટલું બોલી સૂર્યવિદન્ત્યદેવ ઊભા થયા અને મહેલના દરવાજા પાસે ઊભા રહીને બંન્નેની વાત સાંભળી રહેલા ભૃંગ રાક્ષસને ગરદનમાંથી પકડી લીધો અને મુર્છિત કરી મહેલના એક કક્ષમાં પૂરી દીધો જેથી એમની અને સુદત્ય વચ્ચે થયેલી વાતચીત ગુપ્ત રહી શકે.

અચાનક બનેલી આ ઘટના જોઈ સુદત્ય આભો બની ગયો.

''દેવ! રાક્ષસલોકમાં આપણા પર નજર રાખવામાં આવી રહી છે. આ રાક્ષસોને આપણે સમજીએ છીએ એટલા તેઓ મૂર્ખા નથી.'' સુદત્યએ એક મોટા ઘડામાં રસને ભરતા કહ્યું.

''આ રસ યુદ્ધ માટે તૈયાર થતાં રાક્ષસોને એક-એક ટીંપુ પીવડાવવું પડશે.'' આટલું બોલી સૂર્યવિદન્ત્યદેવ પોતાના સ્થાન પરથી ઊભા થયા અને સુદત્યને એ ઘડો લઈને એમની પાછળ આવવા ઈશારો કર્યો.

રાક્ષસલોકના પુષ્પક વિમાનમાં બેસી બંન્ને યુદ્ધની તૈયારી જ્યાં ચાલી રહી હતી એ જગ્યાએ જઈ પહોંચ્યા. ત્યાં આગળ શુભામરાજ પહેલેથી જ ઉપસ્થિત હતો.

''આવો, મોક્ષલોકના યાત્રિકો. રસ આટલો ઝડપથી બની ગયો? રાક્ષસોને તાકાતવર બનાવવા તમે ખૂબ યોગદાન આપી રહ્યા છો.''શુભામરાજે અટ્ટહાસ્ય કરવા કહ્યું.

''આપના રાક્ષસલોકના પુષ્પો ખૂબ જ રસથી ભરેલા છે. મને લાગે છે દરેક યોદ્ધાને એક-એક ટીંપુ રસ તો આરામથી મળી જશે.'' સૂર્યવિદન્ત્યદેવે કહ્યું.

સૂર્યવિદન્ત્યદેવની વાત સાંભળી શુભામરાજે દરેક રાક્ષસોને ઈશારો કર્યો અને વારાફરતી એક-એક ટીંપુ ગ્રહણ કરવા માટે આદેશ આપ્યો. સૌથી પહેલા એણે પોતે એક ટીંપુ ગ્રહણ કર્યું. ત્યારબાદ દરેક રાક્ષસો એક-એક ટીંપુ ગ્રહણ કરતા ગયા. જેમ જેમ રાક્ષસો ટીંપુ ગ્રહણ કરતા ગયા તેમ તેમ એમના શરીરમાં શિથિલતા આવવા લાગી. શુભામરાજ પોતે પણ શરીરમાં આવેલી શિથિલતાના કારણે એક ઝાડને અડીને બેસી ગયો.

શુભામરાજ જેવી જ હાલત બીજા બધાં રાક્ષસોની પણ થઈ. શુભામરાજ કોઈ ચક્રવ્યૂહમાં ફસાઈ ગયા છીએ એવું સમજી ચૂક્યો હતો. એ એ પણ સમજી ચૂક્યો હતો કે આ બધી ચાલાકી દેવતાઓ કરી રહ્યા છે માટે શરીરમાં રહેલી પૂરી તાકાત ભેગી કરી એ ઊભો થયો અને એણે સૂર્યવિદન્ત્યદેવ અને સુદત્ય યક્ષ સામે જોઈ રાક્ષસોને એમના ઉપર આક્રમણ કરવાનો આદેશ આપ્યો.

રાક્ષસો પોતાનામાં રહેલી શક્તિ ભેગી કરી પોતપોતાના શસ્ત્ર સાથે સૂર્યવિદન્ત્યદેવ અને સુદત્ય યક્ષ તરફ પ્રહાર કરવા આગળ વધ્યા. બરાબર એ જ સમયે સૂર્યવિદન્ત્યદેવે સુદત્યને થોડો પાછો હાથથી ધકેલ્યો અને પોતે પોતાના મૂળ સ્વરૂપમાં સુંડભ ગદા સાથે આવી ગયા. હાથમાં ગદા સાથે ઊભેલા સૂર્યવિદન્ત્યદેવને જોઈ શુભામરાજની સાથે-સાથે રાક્ષસો ડરી ગયા, કારણકે રાક્ષસલોકનો દરેક યોદ્ધા સૂર્યવિદન્ત્યદેવથી ડરતો હતો અને ડરે છે. પરંતુ રાક્ષસો હિંમત કરી સૂર્યવિદન્ત્યદેવની ગદાનો સામનો કરવા આગળ વધ્યા.

રાક્ષસો જેવા નજીક આવ્યા એટલે તરત જ સૂર્યવિદન્તયદેવે એકસાથે દસ-દસ રાક્ષસોને પોતાની સુંડભગદાની શક્તિથી હવામાં ઉછાળ્યા. એક તો રાક્ષસોની શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હતી અને બીજું કે બાકી રહેલી શક્તિ પણ સૂર્યવિદન્ત્યદેવની સુંડભગદાની શક્તિ આગળ વામણી બની ગઈ અને એટલે જ થોડીવારમાં બધાં જ રાક્ષસો મૂર્છિત અવસ્થામાં ધરતી ઉપર પડ્યા હતાં.

સૂર્યવિદન્ત્યદેવે હવામાં પોતાની ગદા ઉછાળી અને પાછી હાથમાં પકડી લીધી. આટલું થતાંની સાથે જ એમનું પુષ્પક વિમાન હવામાં પ્રગટ થયું અને જમીન ઉપર આવ્યું. સૂર્યવિદન્ત્યદેવ અને સુદત્ય યક્ષે પુષ્પક વિમાનમાં બેસી ઈન્દ્રલોક તરફ પ્રયાણ કર્યું.

''વાહ, દેવ! રાક્ષસો હવે ૨૦૦૦ વર્ષ સુધી યુદ્ધ કરવા માટે સક્ષમ રહ્યા નહિ.'' સુદત્ય યક્ષે કહ્યું.

''આપણે પાતાળલોકમાં જવું પડશે. ત્યાં મણિની પ્રતિષ્ઠાનો સમય હવે નજીક આવ્યો છે.'' આટલું બોલી સૂર્યવિદન્ત્યદેવ પાતાળલોકમાં થનારી પ્રતિષ્ઠા વિશે વિચારવા લાગ્યા હતાં.

## ક્રમશઃ

આપ પણ આપના જીવનમાં શક્તિ અને બુદ્ધિનો સમન્વય કરવા માંગતા હોય અને જીવનમાં દરેક કાર્યમાં જીતવાની ઈચ્છા ધરાવતા હોય તો નીચે આપેલો દિવ્ય શ્લોક દિવસમાં ત્રણ વાર કરવો અને આ શ્લોક આપ સિદ્ધ કરવા માટે છ મહિનામાં અઢાર હજાર વાર કરવો.

**: શ્લોક :**

**॥ ૐ પ્રકાલમ પ્રકાલમ સુંડભ સૂર્યવિદન્ત્યદેવ,**
**દસક્ય દસક્ય સુંડભ સૂર્યવિદન્ત્યદેવ ॥**

ઈન્દ્રલોકના દેવ સૂર્યવિદન્ત્યદેવની આ સત્ય કથા આપ સૌ વાચકમિત્રોને કેવી લાગી રહી છે એ જાણવા અમે આતુર છીએ માટે આપનો પ્રતિભાવ વોટ્સએપ અથવા પત્ર દ્વારા લખી મોકલશો.

**(મો) 9429208997**

લિ. ૐકાર સેવાદળ

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન લાલ કલરના કપડામાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લીલા કલરના કપડામાં મગના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનનાં કેશ કાઉન્ટરમાં મુકી રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનનાં કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરના કપડામાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠુ બાંધી પોટલી કેશ કાઉન્ટરમાં મુકી રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન સફેદ કલરના કપડામાં વાલના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ આસમાની કલરના કપડામાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ કલરના કપડામાં મગના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૦૯-૨૪ | શનિવાર | ૐ લક્ષ્મીતા |
| ૨૨-૦૯-૨૪ | રવિવાર | ૐ વીતામ્ય |
| ૨૩-૦૯-૨૪ | સોમવાર | ૐ રક્ષિત્ય |
| ૨૪-૦૯-૨૪ | મંગળવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૨૫-૦૯-૨૪ | બુધવાર | ૐ કુબેરદેવ |
| ૨૬-૦૯-૨૪ | ગુરુવાર | ૐ રાહુદેવ |
| ૨૭-૦૯-૨૪ | શુક્રવાર | ૐ ચંદ્રદેવ |
| ૨૮-૦૯-૨૪ | શનિવાર | ૐ કેતુદેવ |
| ૨૯-૦૯-૨૪ | રવિવાર | ૐ શનિદેવ |
| ૩૦-૦૯-૨૪ | સોમવાર | ૐ બુધદેવ |
| ૦૧-૧૦-૨૪ | મંગળવાર | ૐ શુક્રદેવ |
| ૦૨-૧૦-૨૪ | બુધવાર | ૐ ગુરુદેવ |
| ૦૩-૧૦-૨૪ | ગુરુવાર | ૐ સૂર્યદેવ |
| ૦૪-૧૦-૨૪ | શુક્રવાર | ૐ રાજલક્ષ્મીદેવી |
| ૦૫-૧૦-૨૪ | શનિવાર | ૐ મહાલક્ષ્મીદેવી |
| ૦૬-૧૦-૨૪ | રવિવાર | ૐ ગુરુલક્ષ્મીદેવી |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૭-૧૦-૨૪ | સોમવાર | ૐ શૈલપુત્રીદેવી |
| ૦૮-૧૦-૨૪ | મંગળવાર | ૐ બ્રહ્મચારિણીદેવી |
| ૦૯-૧૦-૨૪ | બુધવાર | ૐ કુષ્માંડાદેવી |
| ૧૦-૧૦-૨૪ | ગુરુવાર | ૐ કાત્યાયનીદેવી |
| ૧૧-૧૦-૨૪ | શુક્રવાર | ૐ મહાગૌરીદેવી |
| ૧૨-૧૦-૨૪ | શનિવાર | ૐ સિદ્ધિદાત્રીદેવી |
| ૧૩-૧૦-૨૪ | રવિવાર | ૐ સ્કંદમાતાદેવી |
| ૧૪-૧૦-૨૪ | સોમવાર | ૐ ચંદ્રઘંટાદેવી |
| ૧૫-૧૦-૨૪ | મંગળવાર | ૐ કાલરાત્રિદેવી |
| ૧૬-૧૦-૨૪ | બુધવાર | ૐ દુર્ગેશ્વરીદેવી |
| ૧૭-૧૦-૨૪ | ગુરુવાર | ૐ ધનીતા |
| ૧૮-૧૦-૨૪ | શુક્રવાર | ૐ અષ્ટલક્ષ્મીદેવી |
| ૧૯-૧૦-૨૪ | શનિવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર |
| ૨૦-૧૦-૨૪ | રવિવાર | ૐ જ્વાલામાલિનીદેવી |
| | | |
| | | |

## • સટીક પ્રયોગ •

આપની આધ્યાત્મિક ચેતનાને વિકસિત કરવા માટે આપે રોજ ॥ ૐ નમઃ ॥ ૧૦૮ વાર લખવું. ॥ ૐ નમઃ ॥ લખવાથી તમારી ઓરાની અંદર **"સામક્ય ઊર્જા"**ની ઉત્પત્તિ થાય છે. એ ઊર્જા આપની આધ્યાત્મિક ચેતનાને વિકસિત કરવામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. દસ વર્ષના મારા સંશોધન બાદ હું દૃઢપણે આપને કહી શકું છું કે ॥ ૐ નમઃ ॥ ૧૦૮ વાર લખવાથી **"સામક્ય ઊર્જા"**નો અતિ પ્રવાહ આપને આધ્યાત્મિક ચૈતન્ય તરફ જરૂરથી આગળ લઈ જશે. માટે આજથી જ આપ ॥ ૐ નમઃ ॥ ૧૦૮ વાર લખવાનું શરૂ કરી દો.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

## પ.પૂ.સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

# કાળીચૌદશની મહાશક્તિ રક્ષાસાધના

કાળીચૌદશનો દિવસ એટલે આધ્યાત્મિક ચેતના પ્રગટાવવાનો દિવસ તેમજ સ્વયંનું અને પરિવારજનોનું રક્ષણ આખા વર્ષ દરમ્યાન થાય એની સાધના કરવાનો દિવ્ય અવસર.

કાળીચૌદશની સાધનામાં જોડાવા માટેનો લાભ આપ પરિવારજનો સાથે લઈ શકો છો. આ સાધનામાં જોડાવા માટે **મોબાઈલ નંબર: 9429208997** ઉપર પોતાનું નામ સત્વરે લખાવી દેવું.

**શુભ તારીખ**

**૩૦ - ૧૦ - ૨૦૨૪, બુધવાર**

**શુભ સમય**

**સાંજે ૪ થી ૬ કલાકે**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**ખાસનોંધ:**

1. કાળી ચૌદશની સાધનામાં પુરુષોએ સફેદ ઝભ્ભો લેંઘો અને બહેનોએ લીલા વસ્ત્ર ધારણ કરવા.
2. સાધનામાં બેસનાર ભક્તજનો માટે મહાપ્રસાદ (ભોજન)ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**સંપર્ક સૂત્ર: 9429208997**

॥ ૐ નમઃ ॥

# જાહેર આમંત્રણ

**“દર્શન માત્ર સે મિટે કષ્ટ”**

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ - બુધવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**